ક્રમાંક:જીઆઇડીસી/એએલટી/પોલીસી/ પોસ્ટ
વિતરણ/પોલીસી/ ૧૪
જીઆઇડીસી,વડી કચેરી, ગાંધીનગર
તા.૧૯/૦૬/૨૦૨૦.

## // પરિપત્ર //

વિષયઃ- વર્ષ: ૨૦૨૦-૨૧ માટે વણવપરાશી દંડ વસુલ ન લેવા બાબત.

સંદર્ભઃ- ૧. ગુજરાત સરકાર, નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક:અપબ /૧૦૨૦૨૦/ ૧૦૮/ ૧૯૫૨૨૪/ક તા. ૦૫/૦૬/૨૦૨૦.

૨. નિગમના પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/ ઓએન્ડએમ/ સીઆઇઆર/પોસ્ટ વિતરણ / પોલીસી/૧૦૬, તા. ૨૧/૦૭/૨૦૧૭.

વૈશ્વિક મહામારી કોવિડ-૧૯ ને રાજયમાં વધુ ફેલાતી અટકાવવા માટે સમગ્ર રાજયમાં બે માસ લોકડાઉન કરવામાં આવેલ. જેને લીધે કોરોનાનો ફેલાવો અન્ય વિકસીત દેશની સરખામણીમાં ઘણો ઓછો થયો છે. પરંતુ લોકડાઉનના કારણે રાજયની અર્થ વ્યવસ્થા ઉપર વિતરીત અસર થયેલ છે. આવી વિકટ પરિસ્થિતિમાં પણ ગુજરાતની આર્થિક પ્રગતિનો વેગ ધીમો ન પડે અને રાજયના વિકાસની ગતિ જળવાઇ રહે તે માટે ગુજરાત સરકાર, નાણાં વિભાગ દ્વારા ઠરાવ ક્રમાંક: અપબ/૧૦૨૦૨૦/૧૦૮/૧૯૫૨૨૪/ક તા. ૦૫/૦૬/૨૦૨૦ થી કોવિડ-૧૯ મહામારીથી ઉદભવેલ પ્રતિકૂળ આર્થિક પરિસ્થિતિમાં રાજયના અર્થતંત્રને પુનઃ વેગવંતુ કરવા ગુજરાત આત્મનિર્ભર પેકેજ જાહેર કરવામાં આવેલ છે. જેના ગુજરાત રાજય ઔદ્યોગિક વિકાસ નિગમની વસાહતોમાં ઉદ્યોગોને આર્થિક પ્રોત્સાહન અને વહીવટી સરળતાના મુદ્દા નં. ૩ માં ઠરાવેલ છે કે, " જીઆઇડીસી દ્વારા પ્રતિવર્ષ ૨% લેખે વણવપરાશી દંડ વસુલ લેવામાં આવે છે. ચાલુ વર્ષ ૨૦૨૦-૨૧ માટે કોઇ વણવપરાશી રહેલ પ્લોટનો દંડ વસુલ લેવાનો રહેશે નહી." નિગમના નીતિ વિષયક પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/ ઓએન્ડએમ/ સીઆઇઆર/પોસ્ટ વિતરણ / પોલીસી/૧૦૬, તા. ૨૧/૦૭/૨૦૧૭ મુજબ પ્રતિ વર્ષ ૨% લેખે વણવપરાશી દંડ વસુલ લેવામાં આવે છે. નાણાં વિભાગના સંદર્ભિત-૧ ઠરાવ અન્વયે, નિગમ દ્વારા ઠરાવ ક્રમાંક:૨૧ સરકયુલેટીંગ પસાર કરવામાં આવેલ છે. જે અંતર્ગત નીચે મુજબની જોગવાઇ અમલમાં મુકવામાં આવેલ છે.

(૧) સદર નીતિ તમામ પ્રકારની મિલકતોના કિસ્સામાં લાગુ પડશે.

(૨) નિગમને મળતી અરજી અન્વયે હાલ અને ભવિષ્યમાં પણ વર્ષ ૨૦૨૦-૨૧ માટે વણવપરાશી દંડની રકમ વસુલવાની રહેશે નહી.

(3) નિગમને મળતી અરજી અન્વયે જો મિલકત અન્ય વર્ષોમાં વપરાશી રહેલ હોય તો વર્ષ ૨૦૨૦-૨૧ માં પણ મિલકત વપરાશી ગણી અરજી અન્વયે કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૪) જે કિસ્સામાં અગાઉ વણવપરાશી દંડની રકમ ભરપાઇ થઇ થયેલ હોય તેવા કિસ્સા પુન: ખોલવાના રહેશે નહી.

-સહી-
(એમ.થેન્નારસન)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ.

<u>નકલ જયભારત સહ રવાના:-</u>

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ... તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો... તરફ જાણ સારૂ.
(3) મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર... તરફ નિગમની વેબસાઇટ ઉપર મૂકવા સારૂ.

રવાના કર્યુ,

મેનેજર (મહેકમ)